ॐ

तत्सत्परमात्मने नमः

ચરિત્ર કુમાર

નાટકના ઓપેરા.

શ્રી આર્ય નીતિ સુબોધ નાટક સોસાયટી માટે

લખનાર

ગણપતરામ જેઠાભાઇ ભટ્ટ. અમદાવાદ

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચુનીલાલ સાંકળચંદ ગાભાવાળા. અમદાવાદ

આવૃતિ ૧ લી. પ્રત ૨૦૦૦

અમદાવાદ-શાહાપુર વનમાળી વણઝારાની પોળમાં હરીભાઇ દલપતરામે પોતાના "શ્રેયોદય" પ્રેસમાં છાપ્યો

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કીંમત રૂ. ૦ ૨ ૦.

ૐ પરમાત્મને નમઃ

ચરિત્ર કુમાર

નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

સૂત્રધાર નટી વસ્તુસૂચન ઇશ્વર સ્તુતિ તથા બાળાઓ વિગેરેનું ગાયન.

પ્ર. ૧ લો—ચંદ્રકેતુ રાજાના દરબારમાં, ઊદ્યમને માન આપનાર કુમાર સેનાપતિ ક્રૂરસિંહને સમજાવે છે, ત્ર્યંબક નામનો જોશી ટીપણાનો વહેમ સમજાવી, ભમાવતાં માનસિંહદીવાનની પુત્રી બુદ્ધિપ્રમાણથી સમજાવે છે. વીધી પ્રગટ થઇ ફળ પામવાની વાત જણાવે છે, કુમાર ચરિત્ર, ઊદ્યમને માન આપે છે.

પ્ર. ૨ જો—ક્રૂરસિંહ ભવિષ્યમાં રાજા થઇશ તેથી જોશીને ઇનામ આપે છે. જોશીના કાણા છોકરા સાથે ફરશુરામ પડાકીઓ પોતાની લુલી કન્યાનું સમર્પણ કરી વીઘારામ ગોરને તે બદલ લાંચ આપે છે.

પ્ર. ૩ જો—ચંપા નવી જોગણ, જોશીને ધીક્કાર આપે છે ને ઓ કરી ધુર્તવિદ્યાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે.

પ્ર. ૪ થો—વસંત બગીચામાં દીવાનપુત્રી ચંદ્રિકા સખીઓ સાથે ગરબો ગાય છે, રાઘવ ભુપાળનો કુમાર સત્યસિંહ શિકાર રમતો ત્યાં આવી ચડે છે, બાળાનો પ્રેમ સંબંધ થાય છે, પાછળથી કુરસિંહ આવી ચંદ્રિકાના પ્રેમની માગણી કરે છે છેવટે તિરસ્કાર પામી કૂરસિંહ બંધાય છે કેદી થાય છે.

પ્ર. ૫ મો—કેદી બનાવી કૂરસિંહને પ્રવેશ કરાવતાં રસ્તામાં મહારાજા ચંદ્રસિંહ તથા દીવાન માનસિંહ આવી, તંબક જોશી સાથે કૂરાસિંહને દેશનીકાલ કરે છે. કૂરસિંહ પોતાના મામા કપટસિંહને મળવા રાઘવ ભુપાળના લશ્કરી પડાવમાં સીતાપોરના જંગલ તરફ જાય છે.

પ્ર. ૬ ઠો—સીતાપોરના જંગલમાં રાઘવભુપાળની છાવણી, તંબક જોશી સાથે કૂરસિંહ આવી, જોશાના ઓળખાણથી પ્રશ્ન મુકાવી રાજાને ખુશ કરી જોતિષ આધારે રાજ્ય મળવાની વાત કહે છે, વીધીની આકાશવાણીથી ઉતાવળે તૈયારી કરી માનાવતીના રાજાને કેદ પકડવા કૂરસિંહ સાથે દીવાન કપટસિંહને મોકલે છે ને લડાઇની તૈયારી કરે છે.

પ્ર. ૭ મો—રાજા ચંદ્રસિંહ તથા માનસિંહ રાજ્યની જાહોજલાલીનો આનંદ વીચારે છે, કુમાર ચરિત્ર તથા જમાદાર આવી લડાઇની

વાત જણાવે છે. દીવાન તથા કુમાર લશ્કર તૈયાર કરવા હુકમ આપે છે.

પ્ર. ૮ મો—લડાયક સ્થાન, કીલ્લામાં કુમાર ચરિત્ર, માનસિંહ વીગેરે. સામે કપટસિંહ સાથે લશ્કર લઈ ક્રૂરસિંહ આવતાં લડાઈ શરૂ થાય છે. ચંદ્રસિંહ રાજા તથા ચંદ્રિકા કુમારથી છુટે છે, માનસિંહ કેદ પકડાય છે.

ટેબ્લો.

અંક બીજો.

પ્ર. ૧ લો–જંગલમાં ચંદ્રિકા નિદ્રાવશ છે, કુમાર ચરિત્ર પાણીની શોધમાં જાય છે. ગુણકા મદીલામોહની કુમારીને ઉપાડી જાય છે, વીધાતા આવી ભાગ્યમાં લખેલો કાંણો બળદ કુમારને સોંપતાં તિરસ્કાર પામી ચાલી જાય છે.

પ્ર. ૨ જો–ક્રૂરસિંહનો વિજય થવાથી તંબક જોશી દખણા માટે માગણી કરવા આવે છે ક્રૂરસિંહ ..શણને પોતાને ઘેર બોલાવી નવીનો પ્રેમ મીલાવી જોશીને શીરપાવ આપે છે. પોતાને સ્ત્રી મળવાની વાતનું પ્રશ્ન મુકાવે છે. તડાકીયો જોશી અવળુ સવળુ સમજાવી રાઘવભુપાળના કુમારી સત્યવતીને રાત્રીએ હરણ કરવાનું સમજાવી જાય છે.

પ્ર. ૩ જો-માનસિંહ કેદી થયો છે, ત્યાં ક્રૂરસિંહ આવી તેની ચંદ્રિકાની માગણી કરે છે, પાછળથી ચારત્રકુમાર આવી માનસિંહને છોડાવી જાય છે.

પ્ર. ૪ થો–રાજા માનસિંહ શોચ કરે છે, ત્યાં કુમાર ચરિત્ર તથા દીવાન માનસિંહ આવી ખબર ઘાટમાં વાસ કરી લુટારૂ ફોજ તૈયાર કરવાનું સમજાવી પોતે ઉદ્યમ કરવા માટે જાય છે.

પ્ર. ૫ મો-ગુણીકા મદીલામોહનને ત્યાં નગરશેઠના છોકરાઓ આવે છે તેઓ ચંદ્રિકાના ઉપર આશક થાય છે. કુમારી સતિત્વનો ઉપદેશ આપે છે, છેવટે ઘાયલ થયેલાની તપાસમાં, પોલીસ વીગેરે.

રાઘવજીપાળ આવી ચંદ્રિકાને પોતાના રક્ષણ તળે લેઇ જાય છે. સત્યસિંહનું પ્રેમદર્શન થાય છે, મોહીનીને જનમ કેદની શીક્ષા થાય છે.

પ્ર. ૬ ઠો–વીધાતા ચરિત્રકુમાર ક્યાં છે તેની તપાસ માટે શોધતી જાય છે.

પ્ર. ૭ મો–માધવલાલ તથા તેનો ગુમાસ્તો રસ્તામાં મોતીની કીંમત ઉપજાવવા વિચાર કરે છે, રસ્તામાં કુમાર મળે છે તે મોતીની કીંમત કરી આપે છે. ઝવેરી સાથે વાદવિવાદમાં કીંમત ઉપજાવી આપી નફાના પાંચ હજાર મેળવે છે.

પ્ર. ૮ મો–ફીરપારામ કાકો ભીખ માગવા જાય છે, રસ્તામાં કુમાર સાથે વીધાતાનો વાદવિવાદ થતો સાંભળી બળદ દક્ષણામાં લઇ જાય છે. વીધાતા બ્રાહ્મણ પાસેથી જોરજુલમથી બળદ પાછો લે છે.

પ્ર. ૯ મો–ચંદ્રસિંહ રાજા માનસિંહ દીવાન સાથે ખૈબરઘાટના પહાડોમાં ભીલ લોકોનું લશ્કર મેળવી વીચાર કરે છે, કુમાર ચરિત્ર આવી રૂપીઆ પાંચ હજાર આપી વેપાર સારૂ ચંદનનાં વૃક્ષ કાપવાને માટે મજુર નોકરો રાખી વેપાર શરૂ કરે છે.

પ્ર. ૧૦ મો–તંબક જોશીના છોકરાનો લગન દિવસ નક્કી કરી ફરશુરામ ફડાકીયો તથા વિદ્યારામ ગોર જાય છે, ક્રૂરસિંહ આવે છે, રસ્તામાં નવી જોશણ મળવાથી આનંદ થાય છે.

પ્ર. ૧૧ મો–ચંદ્રિકા તથા રાઘવજીપાળની કન્યા, સખીઓનો આનંદ. કુમાર સત્યસિંહ તથા ચંદ્રિકાનો પ્રેમ સંબંધ, પાછળથી નિદ્રાવશ થયેલી સત્યવતીને ક્રૂરસિંહ ઉપાડી જાય છે.

ટેબલો.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો—જંગલમાં ચરિત્રકુમાર વેપાર કરે છે, કીરપારામ કઠિયારો આવી ફરીથી બળદને લઈ જતાં વીધાતા પ્રગટ થઇ વાદવિવાદ કરે છે, કુમારનો પુરૂષાર્થ જોઈ વીધાતા રાજી થઈ ધન્યવાદ આપી જાય છે. જંગલમાં હરણ કરી લાવેલો ક્રૂરસિંહ સત્યવતીને સતાવે છે, ચરિત્રકુમાર ક્રૂરસિંહને તિરસ્કાર આપી કુમારીનું રક્ષણ કરે છે. માનસિંહ દીવાન મળતાં રાઘવભુપાળનો વિજયગઢ સર કરવા લશ્કર સાથે તૈયાર થાય છે.

પ્ર. ૨ જો—તંબક જોશીનો છોકરો પરણવા જાય છે.

પ્ર. ૩ જો—લગન મંડપમાં જોશીનો છોકરો કાંણો છે, વેવાઇની કન્યા લુલી છે, તે પોગળ ઊઘાડું પડવાથી વેવાઇમાં તકરાર થાય છે.

પ્ર. ૪ થો—રાઘવભુપાળ પોતાની કન્યા સત્યવતીને માટે શોચ કરે છે, ક્રૂરસિંહ આવી ચરિત્રકુમાર હરણ કરી ગયો છે તેમ સમજાવે છે, કપટસિંહ દીવાન જંગલના વૃક્ષ કાપનારનો પત્તો આપે છે, વિજયગઢ શત્રુને કબજે થયાની વાત સાંભળી રાઘવભુપાળ લડાઇ માટે તૈયારી કરે છે.

પ્ર. ૫ મો—વિજયગઢમાં લડાઇ, ભેદનો ખુલાસો.

પ્ર ૬ ઠો—ક્રૂરસિંહ કેદી બની ઉદ્યમને માન આપે છે, નશીબ ઉપર વિશ્વાસ રાખતાં પોતાની થયેલી દુર્દશાનું વર્ણન કરે છે.

પ્ર. ૭ મો—માનાવતીના તખ્ત પર કુમારનો રાજ્યાભિષેક, ભાગ્ય ઉદ્યમનો ખુલાસો, કન્યાઓનું પાણિગ્રહણ, આનંદ.

પાત્રોનાં નામ.

ચરિત્રકુમાર—ચંદ્રસિંહ મહારાજાનો કુમાર.

ચંદ્રસિંહ—માનાવતીનો રાજા.

માનસિંહ—દીવાન.

તંબક જોશી—પ્રસીદ્ધ જોશી.

ફેરશુરામ વૈદ—વૈદ

ક્રૂરસિંહ—સેનાપતી ખવાસ.

રાઘવજુપાળ—મંગળપુરીનો રાજા.

કપટસિંહ—દીવાન.

સત્યસિંહ—કુમાર.

વિદ્યારામ—શુક્લ.

ચંદ્રિકા—માનસિંહની કુમારી.

સત્યવતી—રાઘવજુપાળની કુમારી,

મહીલા મોહની—ગુણીકા—

વીધાતા—દેવી પાત્ર

વીગેરે, વીગેરે, દાસ દાસી, સરદારો, ચોપદાર, વીગેરે.

૪૮૭૯.

ચરિત્ર કુમાર

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સુત્રધાર— ૧

ૐ સરસ્વતી ભગવતી શારદા,
મયૂર વાહિની વેદ ધારિણી-નારાયણી કલ્યાણી
ભયહારી સેવક સુખદાઇ-વિશ્વવિજય શોભા શુભદાઇ
આનંદ પામું ગુણ ગણુ ગાઇ—નારા૦
પુરૂષારથ પરિમલ પ્રસરાવા, ઉદ્યમ અમિરસ અમૃત પાવા;
ગુણીજનને સિદ્ધાંત બતાવા, વિમલ કર મુજ વાણી—શા૦

નટી— ૨

છે ધન્યવાદ લાખો લાખો નર ટેકી એકને
જે યત્ન કરી પુરૂષારથ વિધિના ટાળે લેખને
માર્કંડ મુનિનું બાર વરસનું આયુષ સરજાયું
પુરૂષારથ કરી સહસ્ર કોટીનું જીવન લંબાવ્યું

કાલ હારી રહો હાથ ધસીને કાંઇએ નવ ફાવ્યું

લેખપર મારી મેખને—છે૦

અગસ્ત મુનિનો જન્મ ઘડાથી છે વિધિએ કીધો

તેજ અગસ્તે મહાસાગરને અંજલી ભરી પીધો

સ્વર્ગ થકી ગંગાજી ભગિરથ લાવ્યો છે સીધો

લેખપર મારી મેખને—છે૦

કુંચનીઓ— ૩

આલીરે ફુલનકી સેજપે' મતવાલો મોરારી દેખો

કેસો રસિક નંદલાલો—ફુલ૦

ગજરા ગુલાબી મોહન કે હાર પ્યારી, ચંપો ચંબેલી ચિતહારી

એરી સોહે છબી મતવારી, મોહે નર નારી

કનૈયો કૃષ્ણજી નંદલાલો, યાને મન હર લીનો મારો—ફુલ૦

ચરિત્ર કુમાર— ૪

કાયર તે નરને સમજો જે કરમે કર મૂકી ફરતા

નસીબ માની બેસી રેહેનારા તે દીઠા નર રડવડતા

ઉદધી અંદર ઉતરતા તે પામી રત્ન નિકળતા

તીરે રહી જોનાર તમાસો નહિ કોડી મેળવતા

નાનું બાળક ભણતાં પંડિત પ્હાણુ ઘસી છેદે દોરી

ભાગ્ય કસોટી ઉદ્યમ કરી લે સજી નિરાશાની ઝોળી

જોશી, વૈદ, વિ— ૫

ગોળ ખાઓને તંબક તડાકિયા
લાવો લાવો ફરસુરામ ફડાકિયા
બન્ને લુચ્ચા ને જુઠ્ઠા હડાકિયા—ગો૦
કન્યામાં કાંઇએ કેવણુ નથી તમે હૈયામાં હિંમત ધારજો
વર છે રૂપાળો વિદ્વાન વરણાગિઓ કામદેવ કેરો અવતારજો—ગો૦
જોશીને વૈદ મળ્યા વેવાઈ હોંશીલા
ઘડિયાં લગન નિરધારજો
વ્હેલા પધારજો મળજો મંડપમાં
આનંદ થાશે અપારજો—ગો૦

જોશણ— ૬

જરા જોઇલો જોશણુની જુવાની, કેવી નાજુક લલના છું મઝાની
પંખાની ઝૂલ્ફ મારા ચણીયે ચોઢાવી, ચોળી પહેરી છે ચિનાઇ રેંજાની
એરીંગ પહેર્યા તે જાણે પાનુંબાઇ પારસણ, ભાત સાળુ પર પીસકલ નવાની—જરા૦
પહેરી સપાટો જરા જાશું ચોપાટીપર, વિકટોરિયા મફત મળવાની
રંગિલી જોશણ ચંપક વરણી હું તો ગાર્ડનમાં ગોઠી કરવાની—જરા૦

જોશણ— ૭

છે જોશીડા જુઠ્ઠા સરવે, ભરમાવે દુનીયાં ભોળીને
ધન માલ મતા હરતા ફરતા રહેતા સહુ આંખો ચોળીને
પંરપંચીનું પાપી પુતરૂં, લોભી જાણે હડકાયું કુતરૂં
ખોસી ટીપણાં ધોળે દહાડે, ધુતે ગુણીયલ ગોરીને—છે જોશી૦

જોશીડા જો ભવીષ્ય જાણે. તો તેના ઘરનાં ના રડે
ખટપટીયા ખાતરપાડુની, ટાળો ઢોંગી ટોળીને—છે જોશી.

ચંદ્રિકા, સખીઓ— ગરબો ૮

સાંભળ સજની મોરી સાચી સતિઓનો શણગાર
વિશ્વ વિજય વિજયકાર (૨)—સાંભળ૦
દેવી દયાળી દયા દામણી ધરાવતી
કીર્તિનાં કંકણો કરમાં સુહાવતી
નથની નમ્રતાનો સાર—વિશ્વ—સાંભળ૦
પ્રેમના બાજુબંધ છંદ સ્વામિ સ્નેહના
સુનીતિનો ચાંદલો ઝગે ભાલ દેવીના
શીયળ સાડી શ્રીકાર—વિશ્વ૦-સાંભળ૦
પ્હોંચી પરમાર્થની હિરા અમૂલ્ય હર્ષના
માળાનાં મોતી રૂડા હાર છે સંતોષના
સુજશ ઝાંઝર ઝણકાર—વિશ્વ૦-સાંભળ૦
સીતા સતી સાવિત્રી દ્રૌપદી મંદોદરી
અનુસૂયા તારામતી વિજય કીર્તિને વરી
ધન્ય સતી નારી ધન્ય શીયળ શૃંગાર—સાંભળ૦

ચંદ્રિકા— ૯

આ વસંત વીમળ રતુ ખીલી રહી, કલી કલી મતવાલી કેવી;
માનુની મદ ભરી રંગ રંગીલી ભર જોબનમાં જેવી—આ વસંત૦

શીત સમીરની લહરો આવે. મુજ અંતર અગની પ્રજાળાવે;
મદન મને થનકાર નચાવે, નાની નાર નવેલી—આ વસંત૦
કુસુમ કલી બહુ રંગ ખીલેલી, વર વસંત મદમસ્ત છકેલી;
આ અવસરમાં કુંજ અકેલી, નાની નાર નવેલી—આ વસંત૦
પુષ્પ તરૂ ખીલ્યું જોબન મારૂં, પતી મધુકર વીણુ શું હું ઉચારૂં;
ચપળ ભળે મધુરો રસ ચુસે, નાની નાર નવેરી—આ વસંત૦

ચંદ્રિકા, સત્યસિંહ— ૧૦

લાલા ફુલની ફુલમંડળી ભરી જોબન ઝુલે ઝુલીએ
વાલા વસંત વીલાસી પ્યાસી રતીવર રસીયા, કનક મંદીરે,
ચંદન પંખા અમૃત પાને-જોબન ઝુલે.
ચંદ્રિકા ચંદ્રની પ્યારી, અમૃત સીંચન તું રતનાળી
સુંદર છબી આ મન હરનારી, માગું રજા અલબેલી—લાલા૦

ચંદ્રિકા— ૧૧

ધીકછે, ધીકછે નર્કના અધીકારી, નીતિને બોળી લજાવી
જનની તારી હાથેથી થાસે તું ખુવારી—ધીકછે૦
નારીની યારીમાં કોણુ સુખી થયો છે જો તું
ખવાસ વિનાશ થાશે કામી કુછંદી જા તું
ચેતી જાને મારૂં કહેવું માની
જા જા રે, તાકે પરાઇ નારી ધર્મને ગુમાન—ધીકછે૦

તંબક, ક્રૂરસિંહ— ૧૨

તમે કહ્યું કરોને મારૂં ચોઘડીયું છે બહુ સારૂં
આનંદ વિજય કરનારૂં—ચોઘડીયું૦
ચંદ્રમાનું ઘર દક્ષીણમાં જોગણી પણ રહી છે પશ્ચિમમાં
છે મહુરત બહુ રૂપાળું—ચોઘડીયું૦
ઝટપટ જઇ મામાને મળીએ, લશ્કર લઇને આવી ચડીએ
કરે જોર નશીબ આ મારૂં—ચોઘડીયું૦

નેપથ્યમાં— ૧૩

રઘુરાય થાશે વિજય તારો, યુદ્ધમાં જય પામશે
માનાવતી નૃપ ચંદ્રકેતુ, શરણ તારે આવશે.

ટેબલો.

અંક ૨ જો

ચરિત્રકુમાર— ૧૪

ધન માત જે બલી રાયની, વચને વસ્યો પાતાળમાં
વામન રૂપે છળ કરી હરી બલીને ચઢાવ્યો તારમાં
છડીદાર થઇ રહેવું પડયું, હરીની કળા હેઠી પડી
સાચા વચનનો શોભીયો બલીરાજ ધન તુજ માવડી.

વિધાતા, ચરિત્ર કુમાર— ૧૫

હે ભાગ્યહીણા અભિમાન તજી આ કાણો બળદ લઇને જા
વનમાંથી વૃક્ષો કાપીને વેચી કાષ્ટ હરનીશ રળીખા
કાષ્ટ કદી નહી કાપું દેવી, રાજકુંવર હું રાજ્ય કરીશ
અન્ય ગમે તે ઉદ્યમ કરીને, આનંદે હું ઉદર ભરીશ
લખ્યું લલાટે તે બનશે, નહી ટળશે લેખ લખ્યો તે હા
વનમાંથી વૃક્ષો કાપીને, વેચી કાષ્ટ હરનીશ રળીખા
સામે આવી બોલ શંખણી, લેખ ઉપર હું મારૂં મેખ
રાજકુંવર હું રાજ્ય કરીશ, એ સત્ય પ્રતિજ્ઞા ધારૂં ટેક
દેવ દાનવો ભાવી વશ છે, કોણુ બીચારો માનવ જાત
હું લખનારી લેખ વીધાતા, બોલ તારી શું છે તાકાત.

જોશણ— ૧૬

સીંચો પ્રેમરસ વારી હું ખીલતી કરમાઉછું કળી કળી
રંગ ભર્યું અંગ મદન લહેકે હું જાઉછું લળી લળી—સીંચો૦

કામની એક કાચી કળી, બીજી કળી ગુલાબ
ત્રીજી ચંપા વેલડી, ફુલી મદન મહાલ
અંગ બાગ ખીલ્યો સુગંધી લ્યોને કોઇ—સીંચો૦
પૂર્ણ ચંદ્ર પુનમે દીપે, શશી શરદની રાત
તેમજ આ જોબન કળી, ખીલી મદન પ્રભાત
રસીયા મધુકરને મનાવોને કોઇ—સીંચો૦

ચંદ્રસિંહ— ૧૭

મનની બધી મનમાં રહી, આ જીંદગી સહુ એળે ગઇ;
ભાદ્રપદમાં સ્નેહ સરીતા, શુષ્ક થઇ વહી હા ગઇ—મનની૦
કેંતા ખમા સહુ દાસ દાસી, હાજર હુકમે રહેતા સહુ;
તે આજ ભટકું વન વીશે હું, મમ દુ:ખ કયાં જઇને કહું—મનની૦

ચરિત્રકુમાર— ૧૮

ટેકી નર ટેક નહી તજસે, પ્રબળ પુરૂષારથને ભજશે;
સીતા હરણ સુણી રામ ડર્યા નહીં, સાગર બાંધી લંકામાંહે જઇ
રાવણ મારી લંક પ્રજાળી રાજ્ય વિભીષણને—પ્રબળ.
પાન્ડુ કુમારો વન વન ભટકયા, પુરષારથથી જરા ન અટકયા
કૌરવ કુલ નીકંદન કરીને, ધર્મ છત્ર ધરશે—પ્રબળ.

નાયકા— ૧૯

છોટીસી છોકરીયાંકો, જોબન ગુમાન હય;
છાઇ હય વસંત વાકો મદન મેમાન હય—છોટી૦
છોટી છતીયનકી છટા, છોટા લાલમ છેલ;
છોટી નાજુક નાજની, છોટીમેં સબ લ્હેર,
રસકી રસીકા છોટી, રસમે બેભાન હય—છોટી૦

આશુક માશુક મીલ રહે, ખીલ રહે રજનીચંદ
છાયો છોટા પલંગપે, મદન ગુલાબી રંગ;
ગુલકી ગુલાબ કલી, દેખોરી ગુલતાન હય—છોટી૦

વિધાતા— ૨૦

એવી માયાની ચદ્રિકા લટકે લોભાવતી જ્ઞાની ગુમાન તજી હાર્યા
વિધિના જે અંક ભાલ આંકી મુકયા તે જ્ઞાની ગુમાન તજી હાર્યા;
મોટા રાજાને રંક હું બનાવું, રંક રાજા એક પલકમાં ઠરાવું—એવી.
એકલશ્રૃંગી રંભાની સંગે રાચ્યા, મછગંધાની સંગે મુનિ નાચ્યા;
કળા અકળ એવી મારી જેની માંહે—એવી૦

રવચંદ, કપુરચંદ— ૨૧

કેમ કપુડચંડ,
હા અલ્યા રવચંડ કેમ કડીશું;
આમ કડીશું, તેમ કડીશું હાટડી વેચી પાઘડી વેચી નાણાં ભરીશું
કેમ કપુડચંડ બાપદાદાની આબરૂ હાડી, વેચી મારવી ઘોડાગાડી;
આબરૂ રાખવા નાણાં ભરીશુ—કેમ૦

કીરપારામકાકો— ૨૨

માનો મીત્ર ન વણીક કદાપી, પુર્ણ હૃદયનો પાપી—માનો૦
ભલો એક ચીત્રામણ છબીમાં, ભલો ગર્ભની માંહે;
ત્રીજો શબ રૂપ સારો સ્મશાને, ચોથો ભલો ન કયાંહે—માનો૦
કણબી રીઝે કણ દીએ છે, નૃપતિ રીઝે ગામ દીએ છે;
કપટી મીત્ર વણીકશઠ સ્વારથી, સ્નેહ માત્રમાં તાળી દીએછે-માનો.

જોશણુ, જોશી, ક્રુરસિંહ— ૨૩

હું ચાલું લટકતી ચાલે, છેલા ફુલ છડીયો આલે
ખાવુ ખીસ્સામાં ઘાલે, પૈસા વાપરવા આલે
ગોરી મદન સદનમાં મ્હાલે, મન મોહ્યું ગુલાબી ગાલે.
જોશણુની ખીલતી જુવાની, નક્કી નવી નાશી જવાની
હું તમ પર થઈ છું દીવાની, રંગ રસીયાથી રમવાની
આ ક્રૂરસિંહ કર ઝાલે, તંબકના ભુંડા હાલે હું ચાલું૦

સત્યસિંહ, ચંદ્રિકા— ૨૪

કુમકુમને પગલે રંગભૂવનમાં રસીકડી તમે આવો
આ આવી પાતળીયા પીયુજી હજુર હુકમ ફરમાવો કુમકુમ૦
માગું મુક્તાનો હાર રસીલી તુજ કંઠે સોવરાવુ
અંગ ઉમંગ જોબન બાજઠપર, પાતળીયા પધરાવું. કુમકુમ૦
જુગતે જોડી મન ગમતાં છો, મનહરણી મદ માતી
લટક ચાલ લટકેથી ચાલુ હંસગતી મલકાતી કુમકુમ૦

સત્યવતી, ચાંદ્રકા— ૨૫

વશ કીધો તેં વિર મારો, જે ગુણીયલ ને બહુ સારો
નથી વાંક જરા કાંઇ મારો, ઠગણો છે વીર તમારો
રંગભૂવનમાં હતી એકલી, આવી અડપલું કરી ગયા
ચુંબન કરી ભરી બાથ મીલાવી, મોહન મનડું હરી ગયા વશ૦
લલીત ચંદ્રિકા જોબન વનમાં, ભુલો પડી ગયો ભમરો
લાલચ આપી તેં લલચાવ્યો, બંધુ ડાહ્યો ડમરો વશ૦

ટેબલો.

અંક ત્રીજો.

સત્યવતી, ચરિત્રકુમાર— ૨૬

કમળ સરસ પર ભ્રમર ભમી રહ્યું નવ જાણે સુખ સામુરે
રંગ વરણુ પર ગૌરવ ગોષ્ટી સાચ કહો શું છાનુરે કમળ૦
પંડિત હાથે પોથી સુંદરી શીફળ રૂપ મોતી કહો કુંદનના
શૃંગાર સરસ શું એથીરે કમળ૦
સતીને પતિની મુખ જપમાળા, હા પાઠ શીખનો પ્રવિણુ રૂપાળા
કહો મદન સદન શું બાકીરે કમળ૦
સાગર વરને સરિતા મળવા, સુંદર ત્રટ સજી લાગી ઊછળવા
કુમુદની ચંદ્ર કીરણુથી ખીલવા લાગી ચકોરી રસ ઝીલવા
કહો શું છાનુંરે કમળ૦

સીયો— ૨૭

સખી સોને સુરજ આજ ઉગ્યો શોભા કહું શી વરરાજની;
વરલાયક લાડી બુદ્ધિશાળી, કામ રતી કેરૂં જોડલું.
જરીયલ સાડી ઓઢી લાડી, વીજળી ઝબુકે જો આભની—સખી૦
વરરાય જાણો, મોતીનો દાણો, કન્યા પારસકેરી પુતળી—સખી૦

સીયો, જોશી, વૈદ— ૨૮

આનંદ મંગળ ગાઓ, પરણાવી લીધો લ્હાવો, મારી સજની
રસીલી જોડી શોભતી;

નીરખી વરને કેશે, મુખ જોઇને તાકી રહેશે, મારી સજની
અલબેલી જોડી ઓપતી.

વાહ ઠીક મળ્યું છે ટાણું, એક લુલું બીજું કાણું;
આ વહી ગયું છે વાણું, ફેરા ફેરવોને ઝટ—આનંદ૦

જોશી, વૈદ— ૨૯

કરી છેતરપંડી કન્યા લુલી પરણાવી જઇ ફરીયાદ કરૂશું સરકારમાં;
હાંરે ચંદરીયા શંકરીયા વર છે કાણો તળ તારૂ તપાસ પળવારમાં–કરી.
કેતોતો કન્યા છે ચંપાની પાંખડી, કામદેવ જેવાની ફુટેલી આંખડી;
લુચ્ચાના પીર તને જાણ્યો ફડાકીયા, ઠગ છે પાટણનો તું તંબક તડાકીયા
ચુપ ચુપ ચુપ બસ જા જા જા (૨)
અહીં નથી ધરાળ કે ઉલાળમાં—કરી છેતરપંડી૦

લશ્કર— ૩૦

ધીર વીર નર સુધીર વીર વિજયવાન,
શુર નુર પુર એક ટેક વિજયવાન;
ચમક ચમક શકતી આ શમશેર વિજયવાન,
નેક ટેક સત્ય આ રણધીર પૂર્ણમાન.

કપટસિંહ— ૩૧

ભાગ્ય ભરસો છે ખોટોરે, સજ્જન સાચે ભાગ્ય ભરશો છે ખોટો;
નસીબ માને તે નર મૂરખ, પુરૂષારથ છે મોટો—સજ્જન૦
હિંમતની કિંમત નહિં, નહિ બુદ્ધિનું મૂળ;
નસીબ બીચારૂં પાંગળું, પુરૂષારથ વિણ ધૂળ,
ઉદ્યમથી સહુ સંપતિ સાપડે, જાણો દાખલો મોટો—-સજ્જન૦

સર્વે પાત્રો— ૩૨

આનંદ છંદ ઉમંગ ગાઓ ગુણ
નર વીર વિજય પ્રબલ માન શ્રીમાન
પુરૂષાર્થી પ્રબલ જામ્યા
ભૂમંડલમાં વર કીર્તિ પામ્યા
ચરિત્રકુમાર સુભાગ્યવાન
ગાઓ આર્ય ભુમી વર વિજય–જય જય આનંદ૦

સમાપ્ત.